No. of Printed Pages : **7**

# 6110

Register Number

# Language — Part I — GUJARATI

Time Allowed : 3.00 Hours ] [ Maximum Marks : 100

**સૂચના :** (1) પ્રશ્ન પત્રનું મુદ્રણ સંતોષકારક છે તે તપાસી લેવું. જો કોઈ ખામી લાગે તો, ખંડ પરિનિરીક્ષકને તુરંત જાણ કરવી.

(2) લખવા માટે કાળી અથવા ભૂરી સ્યાહીનો ઉપયોગ કરવો.

## ભાગ - I

**(15 Marks)**

યોગ્ય વિકલ્પ શોધી લખો : **15x1=15**

Answer the following questions by choosing the **correct** alternatives.

**1.** 'વૈષ્ણવજન' કાવ્યના કવિ ________ છે.

(a) દલપતરામ (b) કલાપી (c) નરસિંહ મહેતા

**2.** કાળુને રાજુનો ઠપકો ________ લાગતો હતો.

(a) મીઠો (b) હાંસી પાત્ર (c) અપમાનીત

**3.** કોતરે છે કોઈ ખડકમાં ________.

(a) માતા (b) દીકરી (c) પિતા

**4.** 'સ્ટેચ્યુ ઓફ યુનિટિ' ની ઊંચાઈ ________ છે.

(a) 185 m (b) 182 m (c) 183 m

**5.** નદીને ________ નુ બિરૂદ આપવામાં આવ્યું છે.

(a) બહેન (b) સખી (c) માતા

**6.** ________ વિષય રામાનુજનને પ્રિય હતો.

(a) ગણિત (b) વિજ્ઞાન (c) ગુજરાતી

[ Turn over

https://www.tamilnaduboard.com

7. રહેવા દે! રહેવા દે! આ _________ યુવાન.

(a) પ્રહાર (b) સંહાર (c) યુધ્ધ

8. મહાકાવ્યોમાં કોના નખ-શિખનું વર્ણન કરવામાં આવ્યું છે ?

(a) માનવના (b) દેવતાઓના (c) પ્રાણીઓના

9. મનનો નિશ્ચય _________ હોવો જોઈએ.

(a) કાચો (b) ડગમગ (c) દૃઢ

10. ધર્મરાજની મિત્ર _________ હતો.

(a) ધ્રુવ (b) રામ (c) ગોપાલ

11. ચોપાઈ છંદમાં _________ માત્રા હોય છે.

(a) 15 (b) 17 (c) 19

12. અલંકારના મુખ્ય _________ પ્રકાર છે.

(a) બે (b) ત્રણ (c) પાંચ

13. સૂર્યનો સમાનાર્થી શબ્દ _________ થાય.

(a) આગ (b) પ્રકાશ (c) સૂરજ

14. મિનાક્ષી ચમ્મન મંદિર એક એતિહાસિક _________ મંદિર છે.

(a) હિન્દુ (b) ઈસ્લામી (c) ખ્રીસ્તી

15. કવિ નરસિંહ મહેતાને તેમના _________ માટે યાદ કરીએ છીએ.

(a) પ્રભાતિયા (b) ભજન (c) ભક્તિ

https://www.tamilnaduboard.com

ભાગ - II

(18 Marks)

વિભાગ - 1

કોઈપણ ચાર પ્રશ્નોંના જવાબ લખો. 4x2=8

Answer **any four** of the following questions.

**16.** કોના દર્શન કરવાથી ઈકોતેર પેઢીઓ તરી જાય છે ?

**17.** કવિ સ્નેહનું ઝરણું કોને કહે છે ?

**18.** સત્યના આયુધની શી વિશેષતા છે ?

**19.** કવિની દષ્ટિએ પક્ષી ક્યાં મળશે ?

**20.** કવિ સહુથી ચડિયાતું કોને માને છે ?

**21.** કવિ દાસના દાસ કોને કહે છે ? કવિના મતે કેવા જનને અન્ન મળે ?

વિભાગ - 2

કોઈપણ પાંચ પ્રશ્નોંના જવાબ આપો. 5x2=10

Answer **any five** of the following questions.

**22.** સુંદરજી શેઠે લોકોને ક્યારે મદદ કરી ?

**23.** શ્રીનિવાસ રામાનુજનનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

**24.** તમિલ ભાષામાં કેટલા મહાકાવ્યો છે ? ક્યાં-ક્યાં ?

**25.** ભારતની એકતાનું પ્રતિક કોણ છે ?

**26.** મિનાક્ષી મંદિર ક્યાં આવેલું છે ?

**27.** ધર્મરાજની બહેનનું નામ શું હતું ?

**28.** રૂઢી પ્રયોગોનો અર્થ લખો.

(a) ચાલતા થવું

(b) માથે હાથ ફેરવવો

[ Turn over

https://www.tamilnaduboard.com

## ભાગ - III

**(18 Marks)**

### વિભાગ - 1

કોઈપણ બે પ્રશ્નોંના જવાબ લખો. **2x3=6**

Answer **any two** of the following questions.

**29.** 'બાવાના બેવ બગડ્યાં' એવું કાળુ શા માટે કહે છે ?

**30.** દક્ષિણ ભારતમાં કઈ કઈ નદિઓ વહે છે ?

**31.** 'પરસ્ત્રી જેને માત રે' - પંક્તિનો અર્થ સમજાવો.

### વિભાગ - 2

કોઈપણ બે પ્રશ્નોંના જવાબ લખો. સવાલ નં. **34** ફરજીયાત છે. **2x3=6**

Answer **any two** of the following questions. Question No. **34** is **Compulsory**.

**32.** કુર્ગ ક્યાં આવેલ છે ? મંડ્યા જીલ્લામાં કઈ નદીઓ દ્વિપ બનાવે છે ?

**33.** મિનાક્ષી મંદિરમાં કેટલા ગોપુરમ અને કેટલા સ્તંભો છે ?

**34.** (a) અખંડ ભારતનું નિર્માણ કેવી રીતે કરવાનું હતુ ?

અથવા

(b) રાજસભામાં કોનું સન્માન કરવામાં આવ્યું ? કયા કાળને તમિલ સાહિત્યનો ગૌરવપૂર્ણ યુગ કહેવામાં આવે છે ?

https://www.tamilnaduboard.com

## વિભાગ - 3

કોઈપણ બે પ્રશ્નોના જવાબ લખો. **2x3=6**

Answer **any two** of the following questions.

**35.** નીચેના વાક્યોમાં સંજ્ઞા નીચે રેખાં દોરો.

(a) ગાય ઘાસ ખાય છે.

(b) સીતા ગીત ગાય છે.

(c) છોકરાઓ રમે છે.

**36.** વિશેષણની વ્યાખ્યા લખો.

**37.** સમાસ વિગ્રહ કરો :

(a) ત્રિકોણ

(b) દિવસ રાત

(c) નવરાત્રિ

## ભાગ - IV

**(25 Marks)**

દરેક પ્રશ્નોના જવાબ આપવા. **5x5=25**

Answer the following questions.

**38.** (a) સુંદરજી શેઠ વિશે પાંચ વાક્ય લખો.

અથવા

(b) વૈષ્ણવોના લક્ષણો જણાવો.

**39.** પત્રલેખન :

(a) તમારી શાળાની પુસ્તકાલય માટે કેટલાંક પુસ્તકોની જરૂર છે. તે માટે જાણીતા પુસ્તક વિક્રેતાને પત્ર લખો.

અથવા

(b) વર્ગશિક્ષિકા બહેનને ત્રણ દિવસની રજા માંગતો પત્ર લખો.

[ Turn over

https://www.tamilnaduboard.com

**40.** ગુજરાતીમાં અનુવાદ કરો.

Butterflies are found in gardens. They look very beautiful with all the colours of rainbow. There are about 50,000 different kinds of Butterflies. They fly from flower to flower to suck nectar.

**41.** નીચે આપેલ ગદ્યાર્થ વાંચી પ્રશ્નોના જવાબ લખો.

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાના ફળ આપે છે. પરોપકારી મનુષ્ય એવાજ હોય છે. સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ આપે છે. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એતો કાગડા-કૂતરોનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

(a) પરોપકારી મનુષ્ય કોના જેવા હોય છે ?

(b) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ?

(c) કાગડા-કૂતરોનું જીવન કોને કહેવાય ?

(d) કોનું જીવન નિરર્થક છે ?

(e) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**42.** (a) યોગ્ય જોડકાં જોડો :

| | | | |
|---|---|---|---|
| (i) | મનમાં દૃઢ નિશ્ચય જેના | - | નરસિંહ મહેતા |
| (ii) | દીકરી | - | કલાપી |
| (iii) | વૈષ્ણવજન | - | વિનોદ જોશી |
| (iv) | શિકારીને | - | અશોક ચાવડા |
| (v) | હું એવો ગુજરાતી | - | કવિ ભારતી |

અથવા

(b) 'બહેન સૌની લાડકી' વાર્તા તમારા શબ્દોમાં લખો.

https://www.tamilnaduboard.com

ભાગ - V

(24 Marks)

નીચે આપેલ પ્રશ્નોંના જવાબ લખો. 3x8=24

Answer the following questions.

43. (a) 'વૈષ્ણવજન' કવિતાની પ્રથમ દસ પંક્તિ લખો.

અથવા

(b) 'દીકરી' કાવ્યની પ્રથમ દસ પંક્તિ લખો.

44. (a) નિબંધ લખો : 'દિવાળી' અથવા 'આદર્શ વિદ્યાર્થી'

અથવા

(b) રાજુની મનોવ્યથા તમારા શબ્દોમાં લખો.

45. (a) નીચે આપેલ ગદ્યાર્થનું સંક્ષિપ્તિકરણ કરો.

એક દિવસ જયપુરના રાજા રામસિંહ તેમના સિપાઈઓ સાથે જંગલમાં શિકાર કરવા ગયા. ખૂબજ શોધ્યા બાદ એક શિકાર મળ્યો. તેને જોતાં જ રાજાએ તેની પાછળ ઘોડો દોડાવ્યો. તે શિકારની પાછળ ખૂબજ દૂર નીકળી ગયા. તેમના સિપાઈ તેમને શોધતા બીજી તરફ નીકળી ગયા. રાજાને ખૂબજ ભૂખ અને તરસ લાગી હતી. તેઓ બધાંજ કષ્ટ સહન કરીને સાંજના સમયે એક ઝૂંપડી પાસે પહોચ્યો.

અથવા

(b) અર્થ વિસ્તાર કરો :

કટુ સત્ય જો બોલીએ, રાખો સહુનું ધ્યાન,

કહો તમે એ રીતથી, દુ:ખી ન કરે કોઈનું મન

- o 0 o -

https://www.tamilnaduboard.com